**૨૦૨૫-૨૬**

**એસ.સી.એસ.પી**

સને ૨૦૨૫-૨૬ ના વર્ષ માટેની વહીવટી મંજૂરી બાબત.

FST-8 અનુસુચિત જાતિ પેટા યોજના અન્વયે ફળાઉ વૃક્ષોના વાવેતર માટેની યોજના (૯૫-૪૪૦૬), વિભાગ-૨(ચાલુ બાબત).

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંક: FED/BGT/e-file/6/2024/3058/M

સચિવાલય, ગાંધીનગર.

તા. E-sign મુજબ

**વંચાણે લીધા :-**

અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વનદળના વડા,ગાંધીનગરનો તા.૨૮/૦૩/૨૦૨૫ નો પત્ર ક્રમાંક:PCCFO/MHK/e-file/129/2025/1467/Financial Management.

**ઠ રા વ**

સને ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં અનુસૂચિત જાતિ પેટા યોજના અન્વયે ફળાઉ વૃક્ષોના વાવેતર માટેની યોજના માટે વિભાગ-૨, ચાલુ બાબત માટે કુલ **રૂ.૫૬.૧૫ કરોડ**ની જોગવાઇ કરવામાં આવી છે. જેનો ખર્ચ કરવા માટે યોજનાકીય વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધેલ પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**૨.** પ્રસ્તુત બાબતમાં વિચારણાને અંતે, વંચાણે લીધેલ પત્રથી દરખાસ્ત કર્યા મુજબ સદર યોજના હેઠળ ચાલુ પ્રકારના કામો હાથ ધરવા માટે થનાર ખર્ચ સારૂ નીચે જણાવેલ શરતોને અધીન સને ૨૦૨૫-૨૬ના સમગ્ર વર્ષ માટે કુલ **રૂ.૫૬.૧૫ કરોડ**ના ખર્ચની નીચે દર્શાવેલ વિગતે આથી, વહીવટી મંજૂરી આપવામાં આવે છે;

**મંજૂર કરેલ રકમ**

| | | |
|---|---|---|
| આવર્તક | : | રૂ. ૦.૦૦ |
| અનાવર્તક | : | રૂ. ૫૬.૧૫ કરોડ |
| **કુલ** | : | **રૂ. ૫૬.૧૫ કરોડ** |

**3.** આ અંગે હાથ ધરાનાર કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | કામગીરીની વિગત | રૂપિયા (કરોડમાં) |
|---|---|---|
| ૧ | સને ૨૦૨૫-૨૬ના વાવેતર માટેના ૭૦% આગોતરા કામો (૨૦૨૬-૨૭) | ૫.૩૮ |
| ૨ | સને ૨૦૨૫-૨૬ રોપ ઉછેર માટેના ૭૦% નર્સરીના આગોતરા કામો (૨૦૨૬-૨૭) | ૧૭.૨૨ |
| ૩ | સને ૨૦૨૫-૨૬ના વાવેતર માટેના ૩૦% આગોતરા કામો | ૧.૩૮ |
| ૪ | સને ૨૦૨૫-૨૬ માટે રોપાની જાળવણી ૩૦% નર્સરીના કામો | ૨.૪૪ |
| ૫ | સને ૨૦૨૫માં ચાલુ વાવેતર | ૨.૦૬ |
| ૬ | સને ૨૦૨૫માં ચાલુ વાવેતર (હરિત વસુંધરા વાવેતર) | ૦.૩૭ |
| ૭ | વિસ્તરણ અને મોટીવેશન પ્રવૃતિઓ | ૧૦.૦૬ |
| ૮ | એક વર્ષ જૂના વાવેતરની જાળવણી ૨૦૨૪-૨૫ | ૯.૭૭ |
| ૯ | બે વર્ષ જૂના વાવેતરની જાળવણી ૨૦૨૩-૨૪ | ૬.૯૬ |
| ૧૦ | ત્રણ વર્ષ જૂના વાવેતરની જાળવણી ૨૦૨૨-૨૩ | ૦.૫૧ |
| | કુલ | ૫૬.૧૫ |

**૪.** આ યોજનાને નીચેની શરતોને અધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

1. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
2. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
3. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
4. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
5. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
6. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન

હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

7. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
8. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
9. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
10. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.
11. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.
12. CM Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
13. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
14. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
15. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૫. આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને અધીન ઉધારીને સને ૨૦૨૫-૨૬ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૯૫ |
| સેકટર | : | (ગ) આર્થિક સેવાઓના મૂડી હિસાબ. |
| સબ સેકટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓના મૂડી હિસાબ. |
| મુખ્ય સદર | : | ૪૪૦૬- વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન અંગે મૂડી ખર્ચ જોગવાઈ |
| પેટા મુખ્ય સદર | : | ૦૧- વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૧૦૧-વન સંરક્ષણ અને વિકાસ અને પુન: નિર્માણ |
| પેટા સદર | : | (૦૧) FST-8 અનુસૂચિત જાતિ પેટા યોજના અન્વયે ફળાઉ વૃક્ષોના વાવેતર માટેની યોજના |

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૦૧/૦૪/૨૦૨૫ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હિમાંશુ ગોહિલ)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ.

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વનદળના વડા, ગુજરાત રાજય, 'અરણ્ય ભવન', ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાકીય વ્યવસ્થાપન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય અમદાવાદ / રાજકોટ.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગ- બજેટ શાખા.
- સિલેકટ ફાઈલ-૨૦૨૫.
- સિસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ – વિભાગની વેબસાઈટ પર મૂકવા માટે.

Signature Not Verified
Signed by: Himanshu Gohil
Under Secretary
Date:2025.04.04
11:14:31 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign